ज्ञानोन्मेष

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

# બાળવિકાસ દ્વારા વિશ્વશાંતિ

**નરેન્દ્રકુમાર ધનસુખભાઈ વસાવા**
આસિસ્ટન્ટ પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

**Received : 05-05-2020 Published Online : July, 2020 Accepted : 06-06-2020**

બાળઘડતર થકી વિશ્વશાંતિ ? કોઈને આશ્ચર્ય થાય પણ મને આ બાબતે કોઈ શંકા નથી. બાળકો ખૂબ જ પ્રભાવક્ષમ હોય છે. તેઓ અનુભવથી શીખે છે. બાળપણમાં પ્રેમ પામે તો તેઓ પ્રેમ શીખે છે. બાળપણમાં હિંસાનો અનુભવ કરે તો તેઓ હિંસા શીખે છે. બાળપણમાં બાળક જેજે પામે તે સવાયું થઈ સમાજને પાછું મળે છે. બાળપણમાં સિંચેલ પ્રેમ કે હિંસાનાં બી વટવૃક્ષ બની સમાજને કાં તો પ્રેરે છે કાં તો પીડા પહોંચાડે છે. આદરણીય મહાત્મા ગાંધીનો જ દાખલો લઈએ. નોકરાણી રંભા પાસે બચપણમાં રામનામ શીખ્યા, જે છેલ્લા શ્વાસ સુધી સાથે રહ્યું, અને તેઓના મૃત્યુ વખતે એ જ શબ્દો મુખેથી સરી પડ્યા 'હે રામ...!'. કઠિન વ્રતધારી માતા પાસેથી શીખેલા ઉપવાસનો વિનિયોગ આઝાદીના આંદોલનમાં સતત રહ્યો, જે એમના જીવનના અનેક પ્રસંગોમાંથી ઊભરી આવે છે. બચપણમાં નિહાળેલી અને અનુભવેલી સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની ફિલ્મે તેમને સત્યના પૂજારી બનાવ્યા. પરિણામે કડામાંથી સોનું ચોર્યા પછી પણ પિતા પાસે નિખાલસ કબૂલાત કરે છે. પિતા હરફ સુધ્ધાં ઉચ્ચારતા નથી. માત્ર આંખમાંથી અશ્રુબિંદુ ટપકે છે. તેનાથી ભીંજાઈ મોહનદાસ અહિંસાનો પાઠ શીખે છે. પરિણામે, આવડા મોટા બ્રિટિશ રાજ સામે અહિંસાના હથિયારથી લડે છે અને વિશ્વને અહિંસાની તાકાતનો પરિચય કરાવે છે. ગાંધીજી પાસે સત્ય અને અહિંસા સિવાયના વિકલ્પો ન હતા. કારણ કે બચપણમાં શીખેલું આસાનીથી ભૂંસાતું કે વિસરાતું નથી. જે ગાંધીજી માટે સાચું છે તે આપણા સૌ માટે સાચું છે. આજે આપણે જે કંઈ છીએ તે બચપણમાં નિહાળેલું કે શીખેલું હોય છે. બાળકને થપ્પડ મારી ટીવી બંધ કરાવીએ કે અભ્યાસ કરાવીએ ત્યારે બાળક શીખે છે કે, હિંસાથી ધાર્યું કરાવી શકાય છે; અને બાળમાનસ ઉપર તેની ઊંડી અસર રહે છે. કોમી તોફાનો, સમાજમાં વિવિધ સ્વરૂપે જોવા મળતી હિંસા, યુદ્ધ તથા ત્રાસવાદ એ આપણા ઘર અને શાળાઓમાં બાળકો સાથે આચરાતી હિંસાનું વિસ્તૃત સ્વરૂપ છે એમ કહેવું અતિશયોક્તિ નથી. બાળકો હિંસાનો ભોગ બને અને આપણો સમાજ હિંસામુક્ત રહે તે કોઈ કાળે શક્ય જ નથી. બાળઘડતર એવું વિશાળ ક્ષેત્ર છે જેમાં સૌ માતા-પિતા, સગાસંબંધીઓ યોગદાન આપી સામાન્ય ગણાતો દરેક સંવેદનશીલ વ્યક્તિ હિંસા અને ત્રાસવાદ સામેની લડાઈમાં સામેલ થઈ પોતાની રીતે પ્રદાન કરી શકે એવા વાતાવરણ અને સમાજનું નિર્માણ કરી શકે. બાળહિંસાનાં કારણો અને આજના પ્રવર્તમાન સમાજ ઉપર પડી રહેલાં ઊંડાં દૂરગામી પરિણામોની ચર્ચા કરી આપણે બધા સાથે મળી ત્રાસવાદ

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

સહિત સમાજમાં વ્યાપ્ત હિંસા સામેની લડાઈમાં કેવો ભાગ ભજવી શકીએ તેની વાત કરીએ. આપણામાંથી લગભગ દરેક વ્યક્તિ નાનપણમાં ક્યાંક ને ક્યાંક હિંસાનો ભોગ બન્યા હોઈશું અને છતાં લગભગ આપણે દરેક, બાળકો સાથે સ્થૂળ-સૂક્ષ્મ હિંસાભર્યું વર્તન જાણ્યે-અજાણ્યે કરીએ જ છીએ.

બાળકોને બાળપણમાં પૂછવામાં આવે કે જીવનમાં શું બનશો? બળકો જે નિહાળે છે, સાંભળે છે તે બનવાનું વ્યક્ત કરે છે. પરંતુ આપણે ત્યાં પટાવાળાથી માંડી પાઇલટ થવા માટેનું પ્રશિક્ષણ અત્યંત જરૂરી ગણાય છે. પરંતુ માતા-પિતા થવા માટે કોઈ પ્રશિક્ષણની જરૂર જણાતી નથી એ આપણા અદ્યતન સમાજની વિટંબણા છે. આપણે સૌ એવું માનીએ છીએ કે બાળકો નાસમજ છે અને તેમની બુદ્ધિ વિકસિત નથી. તેઓમાં શિસ્ત આવે, તેમનો વિકાસ થાય, તેઓ જીવનમાં આગળ વધે તે માટે તેની સાથે સખત કે કડક થવું જ પડે. એમાં કોઈ શંકાને સ્થાન નથી કે કડવી દવા તો માબાપે જ પિવડાવવાની હોય છે. પણ તે માટે સૂક્ષ્મ-સ્થૂળ હિંસાની હરગિજ જરૂર નથી એ સત્યને સાતત્ય આપવાની આવશ્યકતા છે. બાળકના ભલા માટે, ખડા રહેવા માટે માબાપે સજ્જતા કેળવવી પડે. તે કેળવાય તો હિંસાની જરૂર રહેશે નહીં. બાળકો નિર્બળ હોવાથી હિંસાનો ભોગ સવિશેષ બનતાં હોય છે. તેઓ શારીરિક-માનસિક રીતે હિંસાનો સામનો કરવા સક્ષમ હોતાં નથી એનું કારણ કદાચ શારીરિક અને માનસિક નબળાઈ હોઈ શકે. આથી જ તો જે ભૂલ માટે આપણે પુખ્ત વ્યક્તિને મારતા નથી, તે જ ભૂલ માટે બાળકને મેથીપાક મળે છે અને બાળકમાં નકારાત્મક અભિગમનું સિંચન થાય છે. એટલે જ તો શિસ્ત માટે શાળામાં હિંસાનો આશરો લેવામાં આવે છે, ‘સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમધમ’ એ કહેવત ખૂબ પ્રચલિત છે. પણ કૉલેજોમાં તેમ કરવામાં આવતું નથી. આપણી ચિંતાઓ, તાણ, સમસ્યાઓ, તકલીફો અને મુશ્કેલીઓની દાઝ ઉતારવા બાળકો સૌથી સૉફ્ટ ટાર્ગેટ છે. ઑફિસમાં કંટાળેલો પિતા કે પતિથી ત્રાસેલી માતા બાળકને નાનીનાની બાબતે સમજવા કરતાં માર મારે છે. આવું એટલા માટે થાય છે કે બાળકો સાથે આચરાતી હિંસાનાં દૂરોગામી પરિણામોથી આપણે અજાણ હોઈએ છીએ. આપણે તો એમ જ માનીએ છીએ કે હિંસાથી સરવાળે તો બાળકને જ ફાયદો થાય છે, તે શિસ્તબદ્ધ બને છે અને વિકાસ કરે છે. હિંસાનો ભોગ બનતું બાળક ડરપોક થાય છે, જૂઠું બોલતાં અને ખોટું આચરતાં શીખે છે. આમ છતાં આપણે નિર્ભિક, સત્યનિષ્ઠ અને પ્રામાણિક બાળકો અને નાગરિકો ઇચ્છીએ છીએ. પણ હિંસાના માધ્યમથી અપ્રામાણિકતા, ડર અને અસત્યના પાઠ શીખવીએ છીએ, તેનાં બીજ રોપીએ છીએ. પછી ભ્રષ્ટાચાર આપણી સામેની વિકરાળ સમસ્યા જ હોય ને ?

હિંસાનો ભોગ બનનાર બાળક મોટા ભાગે બળવાખોર થાય છે, પણ સત્ય માટે લડનાર નહીં, સત્યની સામે ઊભું થનાર માત્ર કલ્પી શકીએ છીએ. કુછંદે ચઢેલા સ્વચ્છંદી યુવાનોની સમસ્યા બાળપણમાં અનુભવેલી હિંસાના પરિણામે જન્મેલી બળવાની ભાવનામાંથી પ્રગટેલી હોય છે એમ કહેવું સહેજ પણ અતિશયોક્તિ નથી. ગુનાખોરી


Editors : *Dr. Prashant Patel, Dr. Nimish Vasoya*
*Published by : Children's University, Gandhinagar*

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

છેવટે તો સમાજનાં નિયત ધોરણો અને મૂલ્યો સામેનો બળવો જ હોય છે. બાળકને હિંસાના માધ્યમથી કંઈક કરવા કે ન કરવા મજબૂર કરીએ, ત્યારે આપણે તેને શીખવીએ છીએ કે હિંસાથી ધાર્યું કરાવી શકાય છે. તેથી જ તો યુવાન થઈ તે કૉલેજની ઇમારતમાં તોડફોડ કરી, જાહેર સંપત્તિને નુકસાન કરી મનસ્વી વર્તન કરી પોતાનું ધાર્યું કરાવે છે. ત્રાસવાદ પણ આ જ વિચારબીજનું વટવૃક્ષ છે અને યુદ્ધ તેનો વિશ્વવ્યાપી ચહેરો બને તેમાં કોઈ બેમત રહેતો નથી. ગિજુભાઈ બધેકા કહે છે, “એક મા-બાપ જો પોતાના બાળક પ્રત્યેના વ્યવહારમાં ભૂલ કરે તો એક હજાર શિક્ષકો માટે પણ એ ભૂલ સુધારવાનું અશક્ય બની જાય છે.” જે આપણે સૌએ આ ટાણે સ્વીકારવું જ રહ્યું.

“સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમણનો ઉપાય અંતઃતૃપ્તિ છે. જે સમાજ પોતાનાં બાળકો માટે તેમની વય, તેમની વૃત્તિ, લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણ-વ્યવસ્થામાં યોજે છે તેને અદાલતો, જેલો, લશ્કરોનું ખર્ચ ઓછું કરવું પડે છે.” પ્લેટોએ કહ્યું કે, “જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે.” ગરીબી શોષણની જન્મદાત્રી છે, શોષણ શાંતિનો સૌથી મોટો શત્રુ છે. આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ ગરીબી કેમ ? અજ્ઞાનના અંધકારમાં જ્ઞાનનો દીપક પ્રગટાવ્યા વિના ગરીબી હટાવવાનું શક્ય જ નથી. ઝૂંપડપટ્ટીઓમાં બાળપણ રિબાતું ને સડતું રહે તો વિકસિત ભારતનું સપનું એમ સાકાર થાય ? અજ્ઞાન મા-બાપોની અવગણના અને શિક્ષિત મા-બાપોની અગણિત અપેક્ષાઓને કારણે બાળકમાં પડેલી અનંત સંભાવનાઓ મૂરઝાઈ જાય પછી બધા જ પ્રયત્નો વ્યર્થ. ચાણક્યે કહ્યું છે : “શિક્ષક ક્યારેય સાધારણ નથી હોતો, પ્રલય અને ક્રાંતિનો જનક હોય છે.” દરેક શિક્ષકને તેનો અહેસાસ થાય તો? મૂરઝાયેલું બાળક અને બાળપણ વિશ્વશાંતિ માટે ઘાતક પુરવાર થઈ રહ્યું છે ત્યારે ચૂપ બેસવાથી ચાલશે નહીં. ઊઠી, જાગી અને વિશ્વશાંતિની દિશામાં પ્રદાન કરવા સહિયારા સંકલ્પ કરીએ. મને ખ્યાલ છે કે ઘણા બધા લોકો વ્યક્તિગત કે સંસ્થાકીય સ્તરે આ મુદ્દે મથી રહ્યા છે. અનેક એવા છે જે કશુંક કરવા માગે છે પણ કઈ રીતે આગળ વધવું તે એમને ખબર નથી. આપણે સંગઠિત થઈએ તો નજરે જોઈ શકાય, અનુભવી શકાય તેવો ફરક પાડી શકીએ તેમ છીએ. આપણા રોજબરોજના જીવનમાં, આપણી આસપાસની દુનિયામાં નોંધપાત્ર પરિવર્તન આપણા જ પ્રયાસોથી શક્ય છે. આ વિશ્વ વધુ સારું બની શકે તેમ છે. આવો, આપણે શું કરી શકીએ તે વિચારીએ અને એને અમલમાં મૂકીએ. બાળકોને હિંસા સામે રક્ષણ પૂરું પાડવું, દંપતીઓને મા-બાપ થવાનું પ્રશિક્ષણ પૂરું પાડવું, હિંસા આચરતાં, તેનાથી દુઃખી થતાં પણ તેનાથી મુક્ત કેવી રીતે થવું તે ન જાણતાં માવતરોની પડખે ઊભા રહેવું, ગરીબ મા-બાપો વ્યસન મુક્ત થઈ બાળકોને પ્રેમ આપતાં થાય, તેમના શિક્ષણમાં ધ્યાન આપે, તેમને મજૂરીએ ન મોકલે, ભણાવે, ગરીબ ઘરનાં બાળકો ભણીને આગળ વધે તે માટે શિક્ષકો દિલ રેડીને ભણાવે તે માટે પ્રયાસો કરવા. શિક્ષકોને પ્રશિક્ષણ આપવી, પ્રશિક્ષણ સામગ્રી (સાહિત્ય, ફિલ્મ, ઑડિયો, વીડિયો ઇત્યાદી) તૈયાર કરવી, બાળહિંસા, ત્રાસવાદ

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

અને વિશ્વશાંતિના સંબંધે જાગૃતિ કાર્યક્રમ કરવા, આ અંગેના કાયદા વધુ સુદઢ થાય અને હાલના કાયદાનો અમલ થાય વગેરે પ્રયાસો માટે મારી સાથે જોડાવા ઉત્સુક વ્યક્તિઓને મારી ખાસ વિનંતી છે.

આવો, વિશ્વશાંતિ માટે કટિબદ્ધ થઈએ. ત્રાસવાદની વાતો કરી, ચિંતા કરી અસુરક્ષિતપણું ન અનુભવીએ. તેને રોકવા સમજદાર, જવાબદાર અને સક્ષમ બનીએ. કુદરતે આપણને અમાપ શક્તિઓ સાથે જન્માવેલા છે. સતત લઘુતાગ્રંથિથી પીડાતા પોરબંદરના એક બાળકે જ દક્ષિણ આફ્રિકાના રેલવે પ્લેટફૉર્મ પર કડકડતી ઠંડીમાં નક્કી કર્યું કે આ ચલાવી નહીં લઉં કે ખમી નહીં લઉં, ત્યારે આખી દુનિયાને અહિંસાની તાકાતનો પરિચય થયો અને વિશ્વના અસંખ્ય દેશોએ આઝાદી સત્યના સથવારે પ્રાપ્ત કરી.

ગુજરાત રાજ્યની વિશિષ્ટ યુનિવર્સિટી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકોનાં યોગ્ય ઉછેર અને ઘડતરની નવી દિશા ઘડી રહી છે ત્યારે સર્વે ગુજરાતીઓ પાસે સહયોગની અપેક્ષા. આ ઉમદા કાર્ય દ્વારા દેશના નવનિર્માણ વિશે સૌ કોઈ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ભગીરથ કાર્યમાં સહભાગી થઈ દેશને સમૃદ્ધ બનાવીએ.

Children's University
तेजस्वी बालक : तेजस्वी भारत